**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૯/૦૨/૨૦૧૧ ને શનિવાર ના રોજ બપોર ના ૧૨.૦૦ કલાકે મળેલ ૨૧૦ મી બેઠકની કાર્યવાહી નોંધ :**

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | | |
|---|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા. | : | અધ્યક્ષશ્રી |
| (૨) | સંયુકત સચિવશ્રી,<br>શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ<br>ગાંધીનગર | : | સભ્યશ્રી |
| (૩) | સીટી એન્જીયરશ્રી,<br>વડોદરા મહાનગર સેવાસદન<br>વડોદરા | : | સભ્યશ્રી |
| (૪) | નાણાંકીય સલાહકારશ્રી,<br>શહેરી વિકાસઅને શહેરીગૃહ નિર્માણ વિભાગ<br>સચિવાલય,ગાંધીનગર. | : | એસોસીયેટ સભ્યશ્રી |
| (૫) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા. | : | સભ્ય-સચિવશ્રી |

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા.૧૯/૧૧/૨૦૧૦ ની ૨૦૯ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

સત્તામંડળની તા. ૧૯/૧૧/૨૦૧૦ ની ૨૦૯ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/ મિટિંગ/ ૨૧૬૬/ ૨૦૧૦, તા.૨૩/૧૧/૨૦૧૦ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે સત્તામંડળની બહાલી માટે રજુ કરેલ છે. જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૩૯):** સત્તામંડળની તા.૧૯/૧૧/૨૦૧૦ ની ૨૦૯ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**<u>મુધ્દા નંબર (૨)</u> : સત્તામંડળની તા. ૦૯/૦૭/૨૦૧૦ ની ૨૦૮ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૯/૦૭/૨૦૧૦ ની ૨૦૮ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૦૪૦)</u>:** સત્તામંડળની તા.૦૯/૦૭/૨૦૧૦ ની ૨૦૮ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**<u>મુધ્દા નંબર.(૩)</u> : સત્તામંડળના માહે જુન-૨૦૧૦ થી ઓકટોબર-૨૦૧૦ના હિસાબોને બહાલી આપવા બાબત.**

સત્તામંડળના માહે જુન-૨૦૧૦ થી ઓકટોબરે-૨૦૧૦ના આવક તથા જાવકના હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

**<u>ઠરાવ ક્રમાંક (૨૦૪૧)</u>:** સત્તામંડળના માહે જુન-૨૦૧૦ થી ઓકટોબરે-૨૦૧૦ ના આવક તથા જાવકના હિસાબો ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદદા નંબર : (૪)** **શ્રી પી.કે. મરોલીયા, ના.હિસાબનીશ ને વુડામાં સમાવષ્ટિ કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમા નિયામકશ્રી હિસાબ અને તિજોરી નિયામક ની કચેરીમાંથી નાયબ હિસાબનીશ તરીકે પગાર ધોરણ ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦/- માં પ્રતિનિયુકિત ઉંપર ફરજ બજાવતા શ્રી પી.કે. મરોલીયા એ તા. ૨૦/૧/૨૦૧૧ ની અરજી થી સરકારી સેવામાંથી સ્વૈછીક નિવૃત્તિ મેળવી ને નીચેની શરતો એ વુડામાં સમાવષ્ટિ થવા માંગણી કરેલ છે.

૧. હાલના પગાર ધોરણમાં મુળ પગારના રક્ષણ થી પગાર મેળવવા માંગે છે.

૨. મળવાપાત્ર પેન્શન ની રકમ વુડા ધ્વારા નકકી કરવામાં આવેલા પગારમાંથી બાદ કરી માસિક ચુકવણું મેળવવા માંગણી કરેલ છે.

૩. વુડા કચેરીના કર્મચારીઓને મળતા લાભો મળવાપાત્ર રહેશે તેમ જણાવેલ છે.

સત્તામંડળાના હિસાબો ચાર્ટર્ડ એકાઉનટન્ટ ધ્વારા ઓડિટ કરવામાં આવે છે. તેઓ ધ્વારા ઓડિટ રિપોર્ટમાં વુડા ના સીધી ભરતીના હિસાબનીશ હોય તો હિસાબી કામગીરીમાં સરળતા રહે તેમ છે તેવી ભલામણ કરવામાં આવેલ છે પરંતુ સત્તામંડળના સીધી ભરતી ના મોટા ભાગના કર્મચારીઓ સને ૨૦૧૫ સુધીમા નિવૃત્ત થનાર છે. જ્યારે શ્રી પી. કે. મરોલીયા સને ૨૦૨૪ માં નિવૃત્ત થનાર છે. તેમજ તેઓ ઓગષ્ટ-૨૦૧૦ થી સત્તામંડળમા ફરજ બજાવે છે. જેથી તેઓ સત્તામંડળની હિસાબી કામગીરી થી માહિતગાર છે. વધુમાં તેઓ એ મળવાપાત્ર પેન્શન ની રકમ વુડા ધ્વારા નકકી કરવામાં આવેલા પગારમાં થી બાદ કરી માસિક ચુકવણું મેળવવા માંગણી કરેલ છે. જેથી વુડા ઉપર વધારાનો કોઇ આર્થિક બોજો પણ પડશે નહી.

ઉપરોકત હકીકત ધ્યાને લઇ શ્રી પી.કે. મરોલીયા, નાયબ હિશાબનીશ ને વુડામાં સમાવષ્ટિ કરવા નિર્ણય લેવા બોર્ડ સમક્ષ મુદદો રજુ કરેલ. જે અંગે ચર્ચા વિચારણા કરતાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૦૪૨)** ઉપરોકત વિગતે ચર્ચાવિચારણા થતાં આ બાબત પુખ્ત વિચારણા માંગી લે તેવી બાબત છે તથા આ મુદદે શ્રી પી.કે. મરોલીયા ને વુડામાં સમાવવા માટે કોન્ટ્રાકટ બેઝ થી લેવા અંગે ની વિગતો પણ ચકાસવાની રહે તે સઘળી બાબતો ધ્યાને લેતાં આ મુદદો હાલ પુરતો ડ્રોપ કરવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો.

**મુદદા નંબર : (૫)** શહેરી ગરીબો માટે બાંધવામાં આવેલ ઈ.ડબ્લ્યુ. એસ. યોજનામાં સેલ્ફ ફાયનાન્સ મકાનો માટે હુડકો પાસેથી મેળવેલ રકમ ભરપાઈ કરવા બાબત.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના ૧૫(પંદર) મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત શહેરી ગરીબોને આવાસો ઉપલબ્ધ કરાવવાના હેતુસર સરકારશ્રી ધ્વારા વુડાને આપવામાં આવેલ લક્ષ અંતર્ગત ગોત્રી તથા અટલાદરા ખાતે મળી કુલ - ૨૨૪૬ ઈ.ડબ્લ્યુ. એસ. આવાસો તબકકાવાર વર્ષ ૧૯૯૯ થી વર્ષ ૨૦૦૨ દરમ્યાન બાંધવામાં આવેલ હતા, જેમાં લાભાર્થીઓને લોનની સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુસર, હુડકો ની ગાઈડ લાઈન પ્રમાણે હુડકો તથા નેશનલ હાઉસીગ બેંકમાંથી લાભાર્થીઓ વતી વુડા ધ્વારા લોન મેળવેલ હતી જેના હપ્તા વુડા ધ્વારા નિયમીત રીતે દર ત્રણ મહીણે હુડકો / નેશનલ હાઉસીગ બેંકમાં ભરવામાં આવે છે તથા તેની રીકવરી જે તે લાભાર્થીઓ પાસેથી કરવાની વ્યવસ્થા ગોઠવેલ છે.ઉપરોકત આવાસો પૈકી ગોત્રી ખાતે ૫૦૪ ,૨૧૨ તથા અટલાદરા ખાતે ૨૬૬ ઈ.ડબ્લ્યુ. એસ. આવાસો મળી કુલ - ૯૮૨ માટે હુડકો પાસેથી પ્રતિ આવાસ રૂા. ૪૦,૦૦૦/- પ્રમાણે કુલ રૂા.૩૯૨.૮૦ લાખની લોન મેળવેલ હતી.જેમાં ત્યારબાદ જે તે સમયે ૧૭૯ આવાસો સેલ્ફ ફાયનાન્સથી એલોટમેન્ટ થતાં તે આવાસો માટે વુડાને મળેલ લોન વુડા બોર્ડ બેઠક નં.૧૮૨,તા.૨૩-૧૦-૨૦૦૩ ના ઠરાવ ક્રમાંક : ૧૬૮૬ માં મળેલ મંજુરી મુજબ હુડકોના નિયમ પ્રમાણે સદર આવાસો માટે મળેલ પુરી રકમનું રીપેમેન્ટ વર્ષ - ૨૦૦૩ દરમ્યાન કરવામાં આવેલ હતું. ત્યારબાદ અત્યાર સુધી બીજા ૭૧ આવાસોના લાભાર્થીઓ ધ્વારા તેઓના લોનની રકમ વુડામાં પુરેપુરી જમા કરાવેલ છે.હુડકોમાં હાલમાં લોનની આઉટસ્ટેન્ડીગ રકમ રૂા.૫૮.૩૯ લાખ જેટલી થાય છે.જેમાં સદર ૭૧ આવાસો જેઓની પુરેપૂરી રકમ વુડામાં જમા કરાવેલ છે, તેઓની રકમ હુડકોમાં પરત જમા કરાવવી હોય તો રૂા.૪૪.૩૮ લાખ તથા જે તારીખે રકમ જમા કરાવ્યે ત્યાં સુધીની રકમ ઉપર છેલ્લા કવાર્ટરનું વ્યાજની રકમ જમા કરાવવી પડે. વુડાની લોનની રકમનું ભારણ ઓછુ કરવાના હેતુથી અગાઉ જે લાભાર્થીઓ ધ્વારા લોનની પુરેપુરી રકમ જમા કરાવેલ હતી, તે મુજબ બીજા ૭૧ લાભાર્થીઓની પુરી રકમ હુડકોમાં જમા કરાવવા અથવા તો હુડકોની આઉટસ્ટેન્ડીગની રકમ ઓછી હોવાથી લોનની બાકી રહેતી પુરેપૂરી રકમ હુડકોમાં પરત ભરવા બાબતનો મુધ્દો વુડા બોર્ડ ના સર્વે સભ્યો સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૪૩)** હુડકોમાંથી શહેરી ગરીબો માટે ત્રણેવ સ્કીમોના લાાર્થીઓ માંટે મેળવેલ લોન પૈકી જે લાભાર્થીઓ ધ્વારા મકાનની પુરેપુરી રકમ ચુકવી મકાન મેળવેલ છે અથવા તો લોનની રકમ પુરેપુરી વુડામાં જમા કરેલ છે તેવા કીસ્સામાં તેટલા લાભાર્થીઓની લોનની રકમ હુડકોના નીયમ મુજબ તેઓને પરત જમા કરાવવાનુ આથી ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદદા નંબર : (૬)** : શહેરી ગરીબો માટે બાંધવામાં આવેલ ઈ.ડબ્લ્યુ. એસ. યોજનામાં સેલ્ફ ફાયનાન્સ મકાનો માટે નેશનલ હાઉસીગ બેંકપાસેથી મેળવેલ રકમ ભરપાઈ કરવા બાબત.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના ૧૫(પંદર) મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત શહેરી ગરીબોને આવાસો ઉપલબ્ધ કરાવવાના હેતુસર સરકારશ્રી ધ્વારા વુડાને આપવામાં આવેલ લક્ષ અંતર્ગત ગોત્રી તથા અટલાદરા ખાતે મળી કુલ -૨૨૪૬ ઈ.ડબ્લ્યુ. એસ. આવાસો તબકકાવાર વર્ષ ૧૯૯૯ થી વર્ષ ૨૦૦૨ દરમ્યાન બાંધવામાં આવેલ હતા, જેમાં લાભાર્થીઓને લોનની સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુસર, હુડકો ની ગાઈડ લાઈન પ્રમાણે હુડકો તથા નેશનલ હાઉસીગ બેંકમાંથી લાભાર્થીઓ વતી વુડા ધ્વારા લોન મેળવેલ હતી જેના હપ્તા વુડા ધ્વારા નિયમિત રીતે દર ત્રણ મહીણે હુડકો/નેશનલ હાઉસીગ બેંકમાં ભરવામાં આવે છે તથા તેની રીકવરી જે તે લાભાર્થીઓ પાસેથી કરવાની વ્યવસ્થા ગોઠવેલ છે.ઉપરોકત આવાસો પૈકી ગોત્રી ખાતે ૮૦૬ તથા અટલાદરા ખાતે ૪૫૮ ઈ.ડબ્લ્યુ.એસ. આવાસો મળી કુલ - ૧૨૬૪ માટે નેશનલ હાઉસીગ બેંકપાસેથી પ્રતિ આવાસ રૂા. ૩૫,૦૦૦/- પ્રમાણે કુલ રૂા.૩૬૯.૧૩ લાખની લોન મેળવેલ હતી. સદર આવાસો પૈકી ગોત્રી ખાતે ૮૦૬ આવાસોનું પઝેશન વર્ષ - ૨૦૦૩ બાદ તથા અટલાદરા ખાતે ૪૫૮ આવાસોનું પજેશન વર્ષ - ૨૦૦૫ બાદ આપવામાં આવેલ હતું. ત્યારબાદ ગોત્રી ખાતેના આવાસો માટે કુલ ૨૪૩ તથા અટલાદરાના આવાસોમાં કુલ ૬૧ લાભાર્થીઓ મળી કુલ - ૩૦૪ લાભાર્થીઓ ધ્વારા લોનની પુરેપૂરી રકમ જમાં કરાવેલ છે અથવા તો સેલ્ફ ફાયનાન્સથી તે આવાસો એલોટ થયેલ છે. સદર ૩૦૪ આવાસો માટે નેશનલ હાઉસીગ બેંકમાંથી વુડાને લોન મળેલ છે. વુડાને લોનની લાયબલીટી ઓછી કરવાના હેતુંથી અગાઉ હુડકોમાં સેલ્ફ ફાઈનાન્સથી આપેલ આવાસોની રકમ જમાં કરાવેલ, તે જ મુજબ સદર ૩૦૪ આવાસોની પુરેપૂરી રકમ પરત મળી ગયેલ હોવાથી તે પેટે મેળવેલ લોનની રકમ નેશનલ હાઉસીગ બેંકમાં જમાં કરાવવાની થાય. હાલમાં નેશનલ હાઉસીગ બેંકમાં કુલ રૂા.૧૭૨.૯૪ લાખ જેટલી લોન ભરવાની બાકી રહે છે. ૩૦૪ આવાસો માટે રૂા.૩૫,૦૦૦/- પ્રમાણે લોનની કુલ રકમ રૂા.૧૦૬.૪૦ લાખ તથા છેલ્લા કવાર્ટરના વ્યાજની રકમ ભરવાની થાય.

અગાઉ વુડાએ હુડકો પાસેથી મેળવેલ લોન પૈકી સેલ્ફ ફાઈનાન્સથી આપેલ ૧૭૯ આવાસોની પુરેપૂરી રકમ વુડા બોર્ડ બેઠક નં.૧૮૨,તા.૨૩-૧૦-૨૦૦૩ ના ઠરાવ ક્રમાંક : ૧૬૮૬ માં મળેલ મંજુરી મુજબ હુડકોના નિયમ પ્રમાણેનું રીપેમેન્ટ વર્ષ - ૨૦૦૩ દરમ્યાન કરવામાં આવેલ હતું. આજ પ્રમાણે નેશનલ હાઉસીગ બેંકમાંથી મેળવેલ લોન પૈકી ૩૦૪ આવાસો માટે મળેલ લોનની રકમ રૂા.૧૦૬.૪૦ લાખ તથા છેલ્લો કર્વાટરના વ્યાજની રકમ ભરપાઈ કરવાની થાય. વુડાની લોનની રકમનું ભારણ ઓછુ કરવાના હેતુથી અગાઉ જે લાભાર્થીઓ ધ્વારા લોનની પુરેપુરી રકમ જમા કરાવેલ હતી, તે મુજબ બીજા ૩૦૪ લાભાર્થીઓની પુરી રકમ નેશનલ હાઉસીગ બેંકમાં જમા કરાવવા અથવા તો બાકી રહેતી પુરેપૂરી રકમ નેશનલ હાઉસીગ બેંકમાં પરત ભરવા બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વે સભ્યો સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ..

**ઠરાવ ક્રમાંક (૨૦૪૪)** હુડકોમાંથી શહેરી ગરીબો માટે બે સ્કીમોના લાાર્થીઓ માંટે મેળવેલ લોન પૈકી જે લાભાર્થીઓ ધ્વારા મકાનની પુરેપુરી રકમ ચુકવી મકાન મેળવેલ છે અથવા તો લોનની રકમ પુરેપુરી વુડામાં જમા કરેલ છે તેવા કીસ્સામાં તેટલા લાભાર્થીઓની લોનની રકમ નેશનલ હાઉસીગ બેંકના નીયમ મુજબ તેઓને પરત જમા કરાવવાનુ આથી ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**<u>મુદદા નંબર : (૭)</u> : વુડા વિસ્તારમાં નવીન નગર રચના યોજનાઓ તૈયાર કરવા માટે જમીનોની સર્વે માપણી ખાનગી એજન્સી મારફત કરવા બાબત.**

વુડાની ૨૦૯ મી બોર્ડ બેઠકમાં ઠરાવ નં.૨૦૩૪ થી વુડા વિસ્તારમાં નવીન નગર રચના યોજનાઓ તૈયાર કરવા માટે જમીનોની સર્વે માપણી કરવા સૌથી ઓછા ભાવે લોએસ્ટ ત્રણ એજન્સીઓની પેનલ બનાવી કામગીરી સોપવા ઠરાવ થયેલ હતો. જે પૈકી પ્રથમ બે લોએસ્ટ એજન્સી સાથે કરાર કરી અંદાજે ૨૦૦૦ હેકટર જમીનની સર્વે માપણીની કામગીરીના વર્કઓર્ડર આપવામાં આવેલ છે તથા કામગીરી હાલ ચાલુ છે. થર્ડ લોએસ્ટ એજન્સીને પેનલમાં જોડાવા માટે વારંવાર જાણ કરવા છતાંયે હાજર થયેલ નથી. આથી તેઓને સૌથી ઓછા ભાવે કામગીરીમાં રસ નથી, તેમ સમજી ફોર્થ લોએસ્ટ એજન્સીને આ કામગીરી માટે બોલાવવા તથા તે પણ ન આવે તો ફીફ્થ લોએસ્ટ એજન્સીને પણ બોલાવી પેનલમાં ત્રીજી એજન્સીનુ જોડાણ કરવા અંગે જરૂરી ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે મુધ્દો વુડા બોર્ડ સમક્ષ સાદર રજુ થતા વુડા બોર્ડના સભ્યશ્રીઓનુ મંતવ્ય હતુ કે સૌથી ઓછા ભાવે કામ કરવા માટે ભાવ ભરેલ એજન્સીઓ પૈકી જે પણ તૈયાર હોય તેને જરૂરિયાત મુજબ કામગીરી સોપવામાં હરકત સરખુ નથી. આથી નીચે મુજબ ઠરાવવમાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૦૪૫)</u>** :- નવીન નગર રચના યોજના તૈયાર કરવા માટે જમીનોની સર્વે માપણી કરવા સૌથી ઓછા ભાવે કામ કરવા તૈયાર હોય તેવી ટેન્ડરમાં ભાવ ભરનાર તમામ એજન્સીઓને અથવા તે પૈકીને જરૂરીયાત મુજબ કામગીરી સોંપવા ઠરાવવામાં આવે છે.

**મુદદા નંબર : (૮)** **વુડા વિસ્તારમાં સુચિત નગર રચના યોજનાઓ તૈયાર કરવા કન્સલ્ટન્ટશ્રીની નિમણુક કરવા બાબત.**

વુડાની મુસધ્દારૂપ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનમાં સરકારશ્રી દ્વારા તા.૮/૯/૨૦૧૦ ના રોજ પ્રાથમિક જાહેરનામુ બહાર પાડેલ છે. હાલ આ વિકાસ યોજના મંજુરીના અંતિમ તબક્કામાં છે. સદરહુ વિકાસ યોજનામાં સુચિત કરેલ નવીન રહેણાંક ઝોન તથા આઈ ટી નોડ સહિતના અલગ અલગ નોડ અને વિકસીત વિસ્તારોમાં નગર રચના યોજનાઓ બનાવીને અમલ કરવાનો થાય છે. જેની તૈયારીના ભાગરૂપે વુડા દ્વારા આ વિસ્તારોમાં સર્વે માપણી કરાવવા માટે ત્રણ ખાનગી સર્વે માપણી એજન્સીની પેનલ બનાવી કામગીરી કરવાનુ નક્કી થતા હાલ લગભગ ૨૦૦૦ હેકટર જેટલી જમીનોની માપણીની કામગીરી શરૂ કરાવેલ છે તદ ઉપરાંત છ માસ પહેલા સમા-દુમાડ-વેમાલી વિસ્તારનીઆશરે ૨૫૦ હેકટર જેટલી જમીનની માપણીની કામગીરી પૂર્ણ કરાવી ડી આઈ એલ આર મારફત પ્રમાણિત પણ કરાવવામાં આવેલ છે. આથી આ સુચિત વિસ્તારોમાં નગર રચના યોજનાઓ તૈયાર કરાવવા માટે વુડા કચેરીમાં હાલ પુરતો સ્ટાફ ન હોઈ કન્સલ્ટન્ટશ્રીની નિમણુક કરી તેઓ પાસે આ કામગીરી કરાવવાની થાય. આ અંગે જરૂરી ટેન્ડર ડોકયુમેન્ટસ તૈયાર કરવામાં આવેલ છે. આથી વુડાની સુચિત નગર રચના યોજનાઓ તૈયાર કરવા માટે કન્સલ્ટન્ટશ્રીની નિમણુક કરવા અંગેનો મદ્દો વુડા બોર્ડ સમક્ષ રજુ થતા વિગતવાર ચર્ચામાં નવીન નગર રચના યોજના તૈયાર કરવા માટે માપણીની કામગીરી બાદ કાર્યવાહી ચાલુ કરવા માટે સરકારશ્રી પાસે પ્લાનીંગ માટે યુનીટ મેળવવાનુ રહે અથવા કન્સલટન્ટશ્રી નક્કી કરી આઉટસોર્સીગથી કામગીરી કરાવી શકાય તેમ સર્વે સભ્યશ્રીઓનુ મંતવ્ય હતુ. આથી પ્રથમ સરકારશ્રીમાંથી ટાઉન પ્લાનીંગ યુનિટની માંગણી કરીએ અને જો તે ન મળે તો કન્સલટન્ટની નિમણુક કરી કામગીરી કરવા બોર્ડ દ્વારા સર્વસંમતીથી નીચે મુજબ ઠરાવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૪૬)** : વુડા વિસ્તારમાં સુચિત નગર રચના યોજનાઓ તૈયાર કરવા માટે પ્રથમ સરકારશ્રીમાંથી ટાઉનપ્લાનીંગ યુનિટની માંગણી કરવા તથા આ યુનિટ મળી શકે તેમ ન હોય તો કન્સલટન્ટશ્રીની નિમણુક કરી કામગીરી કરાવવા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા સોપવા ઠરાવવામાં આવે છે.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

**સહી/-**
**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા**

**સહી/-**
**અધ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**